# ચૂંટણી પહેલા નીતીશે બધા ઘરોને 125 યુનિટ મફત વીજળી આપવાની જાહેરાત કરી



પટણા, તા. ૧૭ (પીટીઆઈ): આગામી વિધાનસભા ચૂંટણી પહેલા એક મોટા લોકલાગણીભર્યા પગલા હેઠળ બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે ગુરુવારે રાજ્યના તમામ ઘરેલુ ગ્રાહકોને ૧૨૫ યુનિટ સુધી મફત વીજળી આપવાની જાહેરાત કરી હતી.

કુમારે સોશિયલ મીડિયા પર આ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, આ લાભ ૧.૬૭ કરોડ ઘરોને મળશે.

સીએમએ એમ પણ કહ્યું કે, મફત વીજળીનો લાભ ૧ ઓગસ્ટથી અમલમાં આવશે.

કુમારે કહ્યું કે, ''આનો અર્થ એ છે કે, જુલાઈ મહિનાના બિલમાં ૧૨૫ યુનિટ માટે કોઈ ચાર્જ વસૂલવામાં આવશે નહીં.'' ''અમે પહેલાથી જ બધા ગ્રાહકોને સસ્તી વીજળી પૂરી પાડી રહ્યા છીએ.''

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહેનાર નીતીશ કુમાર લાંબા સમયથી 'એક રાષ્ટ્ર, એક ટેરિફ'ના સમર્થક રહ્યા છે અને દાવો કર્યો છે કે હાલના સંજોગોમાં બિહારને ગ્રીડમાંથી ઊંચા દરે વીજળી મળી રહી છે.

કુમારનું આ તાજેતરનું પગલું તેમના હરીફ અને ભૂતપૂર્વ નાયબ તેજસ્વી યાદવ દ્વારા '200 યુનિટ મફત વીજળી' આપવાના વચનની પૃષ્ઠભૂમિમાં આવ્યું છે. આરજેડી રાજ્યમાં વિપક્ષી ઈન્ડિયા બ્લોકનું નેતૃત્વ કરે છે.

તેમની સોશિયલ મીડિયા પોસ્ટમાં જેડી(યુ) સુપ્રિમોએ બિહારમાં સૌર ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે પણ મજબૂત હિમાયત કરી હતી, અને જણાવ્યું હતું કે, આગામી ત્રણ વર્ષમાં રાજ્યમાં વૈકલ્પિક ઊર્જા સ્ત્રોત દ્વારા અંદાજે 10,000 મેગાવોટનું ઉત્પાદન કરવામાં આવશે.

# ઈરાકના એક મૉલમાં આગ ફાટી નીકળતાં ૬૧નાં મોત





**પૂર્વ** ઈરાકના વાસીત પ્રાંતમાં આ મોલ થોડા સમય પહેલા જ ખુલ્યો હતો

**મૃતકોમાં** મહિલાઓ અને બાળકોનો સમાવેશ, પ્રાંતમાં ત્રણ દિવસનો શોક જાહેર

બગદાદ, તા. ૧૭(એપી): પૂર્વ ઇરાકના વાસીત પ્રાંતમાં નવા ખૂલેલા એક મોલમાં આગ ફાટી નિકળતા મહિલાઓ અને બાળકો સહિત ૬૦ કરતા વધુ લોકોનાં મોત થયા હતા એમ ઇરાકી અધિકારીઓએ આજે જણાવ્યું હતું.

ઇરાકના ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કુટ શહેરમાં બુધવારે મોડી રાત્રે લાગેલી આગમાં 61 લોકોના મોત થયા હતા, જેમાંથી મોટાભાગના લોકો ગૂંગળામણથી મૃત્યુ પામ્યા હતા. મૃતકોમાં 14 મૃતદેહો એટલી હદે બળી ગયા હતા જેમની ઓળખ હજુ સુધી થઈ નથી. નાગરિક સંરક્ષણ ટીમો ઇમારતની અંદર ફસાયેલા 45 થી વધુ લોકોને બચાવવામાં સફળ રહી હતી, એમ નિવેદનમાં જણાવાયુંએક અઠવાડિયા પહેલા જ ખુલેલો મોલ પાંચ માળની ઇમારતમાં હતો જેમાં એક રેસ્ટોરન્ટ અને સુપરમાર્કેટ પણ હતું.

સરકાર સંચાલિત ઇરાક ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે લોકો ગુમ છે. સ્થાનિક મીડિયા પરના ફોટોગ્રાફ્સ અને વીડિયોમાં ઇમારત સંપૂર્ણપણે આગમાં લપેટાયેલી દેખાઈ રહી હતી. પ્રાંતીય ગવર્નર મોહમ્મદ અલ-માયેહે એક નિવેદનમાં ત્રણ દિવસના શોકની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે આગનું કારણ તપાસ હેઠળ છે પરંતુ ઇમારતના માલિક અને મોલના માલિક સામે કાનૂની કેસ દાખલ કરવામાં આવ્યા છે. તેમણે આરોપો શું હતા તે સ્પષ્ટ કર્યું નથી. અમે નિર્દોષ પીડિતોના પરિવારોને ખાતરી આપીએ છીએ કે અમે આ ઘટના માટે સીધા કે પરોક્ષ રીતે જવાબદાર લોકો પ્રત્યે ઉદાર રહીશું નહીં એમ અલ-માયેહે કહ્યું.

તેમણે જણાવ્યું હતું કે, પ્રારંભિક તપાસના પરિણામો 48 કલાકમાં જાહેર કરવામાં આવશે.

ઇરાકી વડા પ્રધાન મોહમ્મદ શિયા અલ-સુદાનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેમણે ગૃહમંત્રીને આગના સ્થળ પર જવા અને ફરીથી આવી ઘટનાઓ થતી અટકાવવા માટે પગલાં લેવા નિર્દેશ આપ્યો છે. ઇરાકમાં ઇમારતોના નબળા ધોરણો પણ ઘણીવાર આવી ઘટનાઓમાં ફાળો આપે છે. જુલાઈ 2021 માં, ઇરાકી શહેર નાસિરિયાહમાં એક હોસ્પિટલમાં લાગેલી આગ, જેમાં 60 થી 92 લોકો માર્યા ગયા હતા. 2023 માં, નિનેવેહ પ્રાંતના હમદાનિયાના ખ્રિસ્તી બહુમતી ધરાવતા વિસ્તારમાં એક લગ્ન હોલમાં આગ લાગવાથી 100 થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા.

# રાજસ્થાનમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાયું

**શાળાનાં** બાળકો ફસાયાં, રસ્તાઓ પર પાણી ભરાયાં

જયપુર, તા. ૧૭ (પીટીઆઈ) નવી હવામાન સિસ્ટર સર્જાયા બાદ હવામાન વિભાગે ગુરુવાર અને શુક્રવારે રાજસ્થાનના ઘણા ભાગોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે.

રાજ્યના કેટલાક ભાગોમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મધ્યમથી અત્યંત ભારે વરસાદ નોંધાયો છે.

રાજસ્થાનમાં ભારે વરસાદથી જનજીવન ખોરવાઈ ગયું છે; શાળાનાં બાળકો ફસાયાં હતાં, રસ્તાઓ પર પાણી ભરાઈ ગયાં છે.

કોટા જિલ્લાના રામગંજમંડીમાં સૌથી વધુ ૧૮૬ મીમી વરસાદ નોંધાયો છે, જ્યારે પૂર્વ રાજસ્થાનમાં ઘણી જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે, જ્યારે અન્ય વિસ્તારોમાં ભારેથી અત્યંત ભારે વરસાદ નોંધાયો છે.

પશ્ચિમ રાજસ્થાનમાં અલગ-અલગ સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડ્યો છે.

વિભાગે આગાહી કરી છે કે, દક્ષિણપશ્ચિમ બિહાર અને નજીકના ઉત્તર પ્રદેશ પર એક સ્પષ્ટ રીતે નોંધાયેલ લો-પ્રેશર ક્ષેત્ર આગળ વધશે, જેના કારણે 17 જુલાઈથી પૂર્વી રાજસ્થાનના કેટલાક ભાગોમાં વરસાદી ગતિવિધિઓમાં વધારો થશે.

ગુરુવારે કોટામાં ભારે વરસાદની સંભાવના છે, જ્યારે ભરતપુર વિભાગમાં શુક્રવારે ભારે વરસાદ પડશે.

હવામાન વિભાગે ઉમેર્યું હતું કે, 18 જુલાઈથી કોટા અને ભરતપુરમાં વરસાદ વધુ તીવ્ર બનવાની સંભાવના છે.

અજમેર, ઉદયપુર અને જયપુર વિભાગોમાં મધ્યમ વરસાદ અને ભારે વરસાદની સંભાવના છે.

વિભાગે જણાવ્યું હતું કે, આગામી બે દિવસમાં બિકાનેર વિભાગમાં હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે, જ્યારે જોધપુર વિભાગમાં છૂટાછવાયો વરસાદ પડવાની સંભાવના છે.

દરમિયાન, ગુરુવાર સવારથી સતત પડી રહેલા ભારે વરસાદને કારણે જયપુર, નાગૌર, બેહરોર અને અન્ય વિસ્તારોમાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે.

# ભારે વરસાદની આગાહીને કારણે જમ્મુથી અમરનાથ યાત્રા સ્થગિત



જમ્મુ, તા. ૧૭ (પીટીઆઈ): જમ્મુ અને કાશ્મીરના ઘણા ભાગોમાં ભારે વરસાદની હવામાન વિભાગની ચેતવણીને પગલે ગુરુવારે અહીંથી અમરનાથ યાત્રા સ્થગિત કરવામાં આવી હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ગાંદરબલ જિલ્લામાં યાત્રાના બાલતાલ માર્ગ પર ભૂસ્ખલનમાં એક મહિલા યાત્રાળુનું મૃત્યુ અને ત્રણ ઘાયલ થયાના એક દિવસ પછી આ પગલું ભરવામાં આવ્યું છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''આજ માટે યાત્રા સ્થગિત કરવામાં આવી છે. આજે સવારે જમ્મુથી પવિત્ર ગુફા મંદિરના જોડિયા બેઝ કેમ્પ તરફ યાત્રાળુઓના નવા જૂથને જવાની મંજૂરી આપવામાં આવી ન હતી.''

અધિકારીએ કહ્યું કે, બે દિવસની હવામાન સંબંધી ચેતવણીને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે, જેમાં કાશ્મીરના યાત્રા માર્ગો સહિત જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી હતી.

આ વર્ષે પહેલીવાર જમ્મુથી યાત્રા સ્થગિત કરવામાં આવી છે.

૩ જુલાઈથી યાત્રા શરૂ થઈ ત્યારથી ૨.૩૫ લાખથી વધુ યાત્રાળુઓએ ૩,૮૮૦ મીટર ઊંચા મંદિરમાં દર્શન કરી ચૂક્યા છે.

૨ જુલાઈના રોજ લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ પ્રથમ બેચને લીલી ઝંડી આપી ત્યારથી જમ્મુ બેઝ કેમ્પથી કુલ ૧,૦૧,૫૫૩ યાત્રાળુઓ ખીણ માટે રવાના થયા છે.

અત્યાર સુધીમાં ૪ લાખથી વધુ લોકોએ યાત્રા માટે ઓનલાઈન નોંધણી કરાવી છે. ૩૮ દિવસની યાત્રા ૯ ઓગસ્ટના રોજ સમાપ્ત થશે.





# પાકિસ્તાનના પંજાબમાં 24 કલાકમાં 30 લોકોનાં મોત બાદ 'રેઈન ઈમરજન્સી' જાહેર

**સમગ્ર** પાકિસ્તાનમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં મૃત્યુઆંક 170 થયો

લાહોર, તા. ૧૭ (પીટીઆઈ): પાકિસ્તાનના પંજાબમાં છેલ્લા ૨૪ કલાકમાં મુશળધાર વરસાદને કારણે ૩૦ લોકોનાં મોત થયાં છે, જેના કારણે પ્રાંતીય સરકારે વિવિધ ભાગોમાં 'રેઈન ઈમરજન્સી' જાહેર કરી છે. એમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તાર ચકવાલ હતો, જે લાહોરથી લગભગ ૩૦૦ કિલોમીટર દૂર પ્રાંતનો ખારો વિસ્તાર છે, જ્યાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૨૩ મીમી વરસાદ પડ્યો હતો, જેના કારણે આ વિસ્તારમાં પૂર આવ્યું હતું.

પ્રાંતીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (પીડીએમએ)એ અહીં એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''સૈન્ય અને સ્થાનિક વહીવટીતંત્રના સહયોગથી અચાનક પૂરમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ચકવાલમાં બચાવ કામગીરી ચાલી રહી છે.''

ગુરુવારે પણ સમગ્ર પ્રાંતમાં ચોમાસાનો વરસાદ ચાલુ રહેવાની ધારણા છે અને અધિકારીઓએ પંજાબમાં નદીઓ અને નાળાઓમાં સંભવિત પૂર માટે ચેતવણી જારી કરી છે.

છેલ્લા 24 કલાકમાં 30 લોકોનાં મોત સાથે સમગ્ર પાકિસ્તાનમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં મૃત્યુઆંક 170 પર પહોંચી ગયો છે, પરંતુ 26 જૂને જ્યારે ચોમાસાનો પહેલો વરસાદ પડ્યો હતો ત્યારથી સૌથી વધુ મૃત્યુ પંજાબમાં થયા છે.

પીડીએમએએ જણાવ્યું હતું કે, 30 લોકોનાં મોત થયાં છે, ઉપરાંત છેલ્લા 24 કલાકમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં સમગ્ર પંજાબમાં 300 લોકો ઘાયલ થયા છે, જેમાં મોટા ભાગના મૃત્યુ લાહોર, ફૈસલાબાદ, ઓકારા, સાહિવાલ, પાકપટ્ટન અને ચકવાલમાં થયા છે.

દરમિયાન, પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝે રાવલપિંડી સહિત પ્રાંતના વિવિધ ભાગોમાં 'રેઈન ઈમરજન્સી' લાદી છે અને નાગરિકોને સતર્ક રહેવા વિનંતી કરી છે.



# ભારતે આકાશ પ્રાઇમ ડિફેન્સ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું

**15,000** ફૂટની ઊંચાઈએ 2 ડ્રોન તોડી પાડ્યા, 'ફાયર એન્ડ ફરગેટ' મોડ પર કામ કરે છે

નવી દિલ્હી, તા. 17:ભારતીય સેનાએ લદ્દાખમાં સ્વદેશી રીતે વિકસિત એર ડિફેન્સ સિસ્ટમ 'આકાશ પ્રાઇમ'નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. ડીઆરડીઓએ ગુરુવારે તેનો વીડિયો બહાર પાડ્યો હતો. આ અદ્યતન મિસાઇલ સિસ્ટમ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ) દ્વારા વિકસાવવામાં આવી છે.

આ સિસ્ટમ સાથે તેણે પૂર્વી લદ્દાખમાં 15,000 ફૂટ (4500 મીટર)થી વધુ ઊંચાઈએ ઉડતા બે ડ્રોનને તોડી પાડ્યા હતા. આકાશ પ્રાઇમ એ આકાશ વેપન સિસ્ટમનું નવું અને અદ્યતન સંસ્કરણ છે. તેને ઊંચાઈ અને ઓછા ઓક્સિજનવાળા વિસ્તારોમાં ઉપયોગ માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે.

હવાઈ સંરક્ષણ સિસ્ટમ 'આકાશ પ્રાઇમ'નું બુધવારે પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ સિસ્ટમ ફાયર એન્ડ ફોરગેટ મોડમાં કામ કરશે.

સિસ્ટમના દરેક લોન્ચરમાં ત્રણ મિસાઇલો છે, જે 'ફાયર એન્ડ ફોરગેટ' મોડમાં કામ કરે છે. આ મિસાઇલો લગભગ 20 ફૂટ લાંબી છે અને તેનું વજન 710 કિલો છે. દરેક મિસાઇલ 60 કિલોગ્રામ વજનનું વોરહેડ વહન કરી શકે છે. આ સાથે આ સિસ્ટમ સંપૂર્ણપણે ઓટોમેટિક છે.

અહેવાલો અનુસાર, સમગ્ર આકાશ મિસાઇલ સિસ્ટમના વિકાસમાં લગભગ 1,000 કરોડ રૂપિયા (17 કરોડ ડોલર)નો ખર્ચ થયો છે. આ ખર્ચ અન્ય દેશોમાં વિકસિત સમાન સિસ્ટમો કરતાં 8-10 ગણો ઓછો છે. આ દર્શાવે છે કે ભારત ઓછા ખર્ચે ઉચ્ચ ગુણવત્તાની સંરક્ષણ ટેક્નોલોજી વિકસાવવા સક્ષમ છે.

# લોકો ગરીબીનો ઢોંગ કરે છે એવું કહેવા બદલ ક્યુબાનાં મંત્રીનું રાજીનામું



**દેશમાં** એક પણ ભિખારી નથી, વિવાદ વધતાં રાષ્ટ્રપતિએ મંત્રીનું રાજીનામું લઈ લીધું

હવાના, તા. 17: ક્યુબાના શ્રમમંત્રી માર્ટા એલેના ફેટો કાબ્રેરાને ભિખારીઓ પર નિવેદન આપવા બદલ રાજીનામું આપવું પડ્યું છે. કાબ્રેરાએ સોમવારે સંસદમાં કહ્યું હતું કે, ક્યુબામાં ભિખારી જેવી કોઈ વસ્તુ છે જ નહીં, લોકો ફક્ત ગરીબ હોવાનો ઢોંગ કરે છે.

જ્યારે મંત્રીએ આવી વાતો કહી ત્યારે લોકો ગુસ્સે થઈ ગયા. લોકોને લાગ્યું કે સરકાર તેમના દુ:ખ અને પરિસ્થિતિને સમજી રહી નથી. ક્યુબાના રાષ્ટ્રપતિ મિગુએલ ડિયાઝ-કેનેલે પણ સંસદમાં મંત્રીનું નામ લીધા વિના તેની ટીકા કરી હતી.

રાષ્ટ્રપતિએ કહ્યું કે, સરકાર સંવેદનશીલ અને જનતા સાથે જોડાયેલી હોવી જોઈએ. તે વાસ્તવિકતાથી અંધ ન હોવી જોઈએ. રાષ્ટ્રપતિની ટીકા પછી તરત જ કાબ્રેરાએ રાજીનામું આપ્યું હતું, જેને પાર્ટીએ પણ સ્વીકારી લીધું હતું.

મંત્રીએ કચરો ઉપાડનારાઓને કરચોરો કહ્યા હતા. કેબ્રેરાએ સંસદમાં કહ્યું, ''મેં ઘણા લોકોને ભિખારી જેવા દેખાતા જોયા છે, પરંતુ તેમનાં કપડાં અને હાથ જોઈને એવું લાગે છે કે તેઓ ફક્ત ભિખારી હોવાનો ડોળ કરી રહ્યા છે.''

# બ્રિટન મતદાન માટે લાયકાતની ઉંમર ઘટાડીને ૧૬ વર્ષ કરશે

**લોકશાહીમાં** લોકોનો વિશ્વાસ ફરી સ્થાપવા આ પગલું ભરાયું હોવાનો સરકારનો દાવો

**યુકેમાં** સ્કોટ અને વેલ્સ પ્રદેશોમાં મતદાનની લાયકાતની હાલ આ જ ઉંમર છે

લંડન, તા. ૧૭(પીટીઆઈ) યુકે સરકારે આજે જાહેરાત કરી હતી કે તે ૨૦૨૯ માં અપેક્ષિત આગામી સામાન્ય ચૂંટણી માટે મતદાનની ઉંમર ૧૮ થી ઘટાડીને ૧૬ વર્ષ કરશે, જેનું ગયા વર્ષે ચૂંટાયેલી લેબર પાર્ટીએ વચન આપ્યું હતું.

આ પગલું યુકે-વ્યાપી ચૂંટણીઓને સ્કોટલેન્ડ અને વેલ્સ પ્રદેશો સાથે સુસંગત બનાવશે, જે બ્રિટિશ સરકારે એક પેઢીમાં યુકે લોકશાહીમાં સૌથી મોટા ફેરફારો પૈકીના એક તરીકે વર્ણવ્યું હતું. યોજનાઓમાં મતદાન મથકો પર યુકે દ્વારા જારી કરાયેલા બેંક કાર્ડનો ઉપયોગ ઓળખપત્રના સ્વીકૃત સ્વરૂપ તરીકે કરવાની મંજૂરી આપવા માટે મતદાર ઓળખપત્ર પ્રણાલીનો વિસ્તરણ પણ શામેલ છે, જેથી ખાતરી કરી શકાય કે લાયક મતદારો મતદાન કરવાથી વંચિત રહે નહીં.

ઘણા લાંબા સમયથી, આપણા લોકશાહીમાં જાહેર વિશ્વાસને નુકસાન થયું છે અને આપણી સંસ્થાઓમાં વિશ્વાસ ઘટવા દેવામાં આવ્યો છે, યુકેના નાયબ વડા પ્રધાન એન્જેલા રેનરે મતદાનની ઉંમર ઘટાડવાની યોજનાઓને ગતિશીલ બનાવતા વ્યૂહરચના પેપરને જારી કરતા જણાવ્યું હતું. અમે આપણી લોકશાહીનું આધુનિકીકરણ કરી રહ્યા છીએ, જેથી તે 21મી સદી માટે યોગ્ય રહે. 16 અને 17 વર્ષના યુવાનો સુધી મતદાનનો વિસ્તાર કરવાની અમારી પ્રતિબદ્ધતાને પૂર્ણ કરીને, અમે યુકે લોકશાહીમાં જાહેર વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા અને જોડાણ વધારવા માટે એક પેઢીગત પગલું આગળ લઈ રહ્યા છીએ, જે અમારી પરિવર્તન યોજનાને સમર્થન આપે છે એમ ગૃહ, સમુદાયો અને સ્થાનિક સરકાર (MHCLG) મંત્રાલયમાં લોકશાહી મંત્રી રોશન આરાએ જણાવ્યું હતું.

# ઈમ્ફાલ જતું ઈન્ડિગોનું વિમાન ટેક્નિકલ ખામીને કારણે દિલ્હી પરત ફર્યું

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ) ઈમ્ફાલ જતું ઈન્ડિગો વિમાન એક કલાક સુધી હવામાં રહ્યા બાદ ગુરુવારે સવારે ટેક્નિકલ ખામીને કારણે રાષ્ટ્રીય રાજધાની પરત ફર્યું હતું.

એરલાઈને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 17 જુલાઈ 2025ના રોજ દિલ્હીથી ઈમ્ફાલ જતી ફ્લાઈટ 6ઈ 5118માં ટેકઓફ થયા પછી તરત જ એક નાની ટેક્નિકલ ખામી જોવા મળી હતી.

સાવચેતીના પગલા તરીકે પાઈલટ્સે પાછા ફરવાનો નિર્ણય લીધો અને દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર સુરક્ષિત રીતે ઉતરાણ કર્યું હતું."

ઈન્ડિગોએ જણાવ્યું હતું કે, ફરજિયાત પ્રક્રિયાઓ અનુસાર, વિમાનની જરૂરી તપાસ કરવામાં આવી હતી અને ત્યાર બાદ તરત જ મુસાફરી ફરી શરૂ કરી અને મુસાફરોને થયેલી અસુવિધા બદલ ખેદ વ્યક્ત કર્યો હતો.

ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ Flightradar24.com પર ઉપલબ્ધ માહિતી અનુસાર, ફ્લાઈટ 6ઈ 5118 ચલાવતું A321 વિમાન દિલ્હી પરત ફરતા પહેલા એક કલાક માટે હવામાં રહ્યું હતું.